# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-12-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. રાજ્યમાં 66 હજારથી વધુ નાગરિક પાસેથી આખરી મતદાર યાદીમાં નામ ઉમેરવા માટેના ફૉર્મ 6 મળ્યા
2. જેટકો દ્વારા વર્ષ 2026-27માં કૃષિ વીજ પૂરવઠો પૂરો પાડવા એક હજાર કરોડ રૂપિયાના ખર્ચે પાંચ નવા પેટામથક બનાવાશે.
3. અમદાવાદમાં દેશની સૌથી મોટી ક્વૉન્ટમ વિજ્ઞાન સંચાર પરિષદનો આજથી પ્રારંભ
4. કેફી પદાર્થની હેરાફેરી કરનારા ચાર લોકોની અમદાવાદથી ધરપકડ
5. નવી દિલ્હીમાં રાષ્ટ્રીયકક્ષાની નિશાનેબાજ સ્પર્ધામાં વડોદરાના આર્યન સિંહે સુવર્ણ ચંદ્રક જીત્યો.

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## SIR ARJI GUJARAT

રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R.ની કામગીરી બાદ મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. આખરી મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે ગઈકાલ સુધીમાં રાજ્યના 66 હજાર 232 નાગરિક પાસેથી ફોર્મ 6 મળ્યા હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

હવે આગામી 18 જાન્યુઆરી 2026 સુધીમાં જે મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ બાકાત થવા સબંધિત જે કંઈ વાંધા કે દાવા રજૂ કરવા માગતા હોય તેઓ તે રજૂ કરી શકશે. તેના અનુસંધાને આખરી મતદાર યાદીમાં નામ ઉંમેરવા માટે રાજ્યભરમાંથી ફોર્મ 6 મળ્યા છે. જ્યારે જેતે વિધાનસભા મતવિસ્તારમાંથી નામ કમી કરવા 9 હજાર 966 નાગરિકો તરફથી ફોર્મ 7 મળ્યા છે. ચૂંટણી અધિકારીઓ દ્વારા વાંધાઓની સત્યતા ચકાસી તેના નિકાલની પણ સાથે કામગીરી કરાશે.

----------

## GETCO SUB STATION

ગુજરાત ઊર્જા વહન નિગમ લિમિટેડ - જેટકો દ્વારા વર્ષ 2026-27માં કૃષિ વીજ પૂરવઠો પૂરો પાડવા અંદાજે એક હજાર કરોડ રૂપિયાના ખર્ચે પાંચ નવા પેટામથક બનાવાશે. તેમજ અંદાજે એક હજાર 100 સર્કિટ કિમી – CKMના ટ્રાન્સમિશન નેટવર્ક એટલે કે, વહન જોડાણને મજબૂત કરવાની પણ યોજના છે.

બીજી તરફ, કિસાન સૂર્યોદય યોજના હેઠળ રાજ્યના ૧૪ ટકાથી વધુ ગામને દિવસે વીજળી મળે છે. હાલ 19 લાખથી વધુ ખેડૂત તેનો લાભ લઈ રહ્યા છે. યોજનાના એક લાભાર્થીએ પ્રતિભાવ આપતા કહ્યું, દિવસે વીજળી મળવાથી પશુઓનો ભય દૂર થયો તેમજ સમયની પણ બચત થઈ છે.

----------

## DRDO-RRU-MOU

નવી દિલ્હીમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની ઉપસ્થિતિમાં સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન - DRDO અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી - RRU વચ્ચે સમજૂતી કરાર થયા. તેનો ઉદ્દેશ આત્મનિર્ભર ભારતના રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ અને અમૃતકાળ દરમિયાન રાષ્ટ્રવ્યાપી દ્રષ્ટિકોણને અનુરૂપ, સંરક્ષણ અને આંતરિક સુરક્ષા તકનીકોમાં ભારતની આત્મનિર્ભરતાને મજબૂત બનાવવાનો છે. બંને સંસ્થાઓ સંયુક્ત સંશોધન પરિયોજના, પીએચડી અને ફેલોશિપ કાર્યક્રમો અને સુરક્ષા દળો માટે વિશિષ્ટ તાલીમ અને ક્ષમતા-નિર્માણ કાર્યક્રમ પર સહયોગ કરશે.

----------

## AMD QUNTAM VIGYAN PARISHAD

ગુજરાત વિજ્ઞાન અને ટેકનોલોજી પરિષદ – ગુજકોસ્ટ દ્વારા અમદાવાદમાં દેશની સૌથી મોટી ક્વૉન્ટમ વિજ્ઞાન સંચાર પરિષદનો પ્રારંભ કરાયો. સાયન્સ સિટી ખાતે યોજાયેલી બે દિવસની પરિષદનો પ્રારંભ કરાવતા વિજ્ઞાન અને ટૅક્નોલૉજી વિભાગનાં સચિવ પી. ભારતીએ કહ્યું, આ

પરિષદ ક્વૉન્ટમ વિજ્ઞાન અને ટેક્નોલૉજીની સમજ વધારવામાં મહત્વની સાબિત થશે. તેમજ આવા આયોજન ક્વૉન્ટમ વિજ્ઞાન અને ટૅક્નોલૉજીમાં ભારતની વ્યૂહરચનાને વધુ મજબૂત બનાવશે.

(BYTE: P. BHARATHI, SECRETARY, SCIENCE & TECHNOLOGY DEPARTMENT)

ઉલ્લેખનીય છે કે, આ પરિષદમાં દેશભરમાંથી 200 જેટલા વૈજ્ઞાનિક, સંશોધકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ભાગ લઇ રહ્યા છે.

----------

## JAMNAGAR - NARI MELO

જામનગરમાં જિલ્લાના પ્રભારી મંત્રી અર્જુન મોઢવાડીયાએ ત્રણ દિવસના સશક્ત નારી મેળાનો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે આ મેળો મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનો એક સશક્ત પ્રયાસ કરશે, તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

(BYTE-ARJUN MODHVADIA, VAN & PARYAVARANA MANTRI)

એમ્યુઝમેન્ટ પાર્કની પાછળ, જે.એમ.સી. મેદાનમાં 24 તારીખ સુધી યોજાનારા મેળામાં 100 જેટલી હાટડી બનાવવામાં આવી છે.

----------

## AMD DRUGS ARREST

અમદાવાદ ગુનાશાખા અને સ્પેશિયલ ઓપરેશન ગૃપ – S.O.Gની ટીમે કેફી પદાર્થની હેરાફેરી કરનારા ચાર લોકોની ધરપકડ કરી છે. પોલીસે વટવા, રામોલ અને જમાલપુરમાંથી આ ચારેયને પકડી તેમની પાસેથી આઠ લાખ 35 હજારથી વધુનો કેફી પદાર્થ કબજે કર્યો હતો.

SOG-એ રામોલમાં દરોડા પાડી એક શંકાસ્પદ યુવકની અટકાયત કરી છે. તપાસ કરતા તેની પાસેથી ત્રણ લાખ 82 હજારથી વધુનો કેફી પદાર્થ મળી આવ્યો હતો. જ્યારે ગુનાશાખાની ટીમે કેફી પદાર્થ સાથે વટવામાંથી બે લોકોની ધરપકડ કરી તેમની સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. તો ગુનાશાખાએ અન્ય એક વ્યક્તિને જમાલપુર બ્રિજની નીચેથી પકડ્યો હતો.

----------

## NARMADA -PROHIBITION

નર્મદામાં પોલીસે રાજપીપળા હેલિપેડ ખાતે પ્રતિબંધિત 23 લાખ રૂપિયાથી વધુના જથ્થાનો નાશ કર્યો. રાજપીપળામાં દરોડા પાડીને પોલીસે આ જથ્થો કબજે કર્યો હતો. આ અંગે નાયબ પોલીસ અધિક્ષક P.R. પટેલે વધુ માહિતી આપી.

(બાઈટ: P.R. પટેલ, નાયબ પોલીસ અધિક્ષક)

----------

## BHAVNAGAR KHEL MAHOTSAV

કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયાએ આજે ભાવનગર—બોટાદ જિલ્લાકક્ષાના ભાઈઓ માટેની સાંસદ ખેલ મહોત્સવ સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો. સિદસર રમતગમત સંકુલ ખાતે યોજાયેલા મહોત્સવમાં બે હજારથી વધુ ખેલાડીએ રસ્સાખેંચ, ખો-ખો, વૉલીબોલ, બાસ્કેટ બૉલ અને કબડ્ડી સહિતની વિવિધ વયજૂથની સ્પર્ધામાં ભાગ લીધો.

આ પ્રસંગે સુશ્રી બાંભણિયાએ આ ખેલ મહોત્સવ થકી યુવા પ્રતિભાને નવી દિશા મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

----------

## AMRELI G  RAM  G BYTE

દેશમાં વિકસિત ભારત—રોજગાર અને આજીવિકા મિશન—ગ્રામીણ વિકસિત ભારત- જી રામ જી નવો કાયદો બનાવાયો છે. આ કાયદા હેઠળ દર નાણાકીય વર્ષમાં દરેક ગ્રામીણ પરિવારને 125 દિવસના વેતનની કાયદાકીય બાંહેધરી અપાઈ છે. તેમાં પરિવારના પુખ્તવયના અકુશળ સભ્યો કે, જેઓ શારીરિક શ્રમ કરવા તૈયાર છે તેમને વેતન અપાશે. કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે રકમની વહેંચણીનો ગુણોત્તર ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાય તમામ રાજ્ય માટે 60 અને 40નો રહેશે.

આ કાયદા અંગે અમરેલીના સ્થાનિક ભૂપેન્દ્રભાઈએ પ્રતિક્રિયા આપી.

**(BYTE: BHUPENDRABHAI, LOCAL PERSON)**

----------

## VADODARA PLAYER RECORD

વડોદરાના નિશાનેબાજ ખેલાડી આર્યન સિંહે રાષ્ટ્રીયકક્ષાની નિશાનેબાજ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. નવી દિલ્હીમાં યોજાયેલી 68-મી રાષ્ટ્રીય નિશાનેબાજ સ્પર્ધા 2025માં તેમણે આ સિદ્ધિ મેળવી. આર્યન સિંહે ISSF ટ્રૅપ યુથ મૅન્સ વ્યક્તિગત સ્પર્ધામાં 118-125નો ભવ્ય સ્કોર કરીને રાષ્ટ્રીય વિક્રમ પણ બનાવ્યો છે. સાથે જ તેઓ આ શ્રેણીના રાષ્ટ્રીય વિજેતા પણ બન્યા છે.

આર્યન સિંહ ખેલો ઇન્ડિયાના ખેલાડી છે. તેઓ નવી દિલ્હીની ડૉક્ટર કરણી સિંહ શૂટિંગ રૅન્જ તેમજ વડોદરાના સાવલી તાલુકા રાઈફલ સંગઠનના શૂટિંગ રૅન્જ ખાતે તાલીમ મેળવી રહ્યા છે.

----------

## IMD WEATHER

રાજ્યમાં આગામી દિવસોમાં તાપમાન હજી ઓછું થતાં ઠંડીમાં વધારો થશે. જ્યારે આગામી 24 કલાક બાદ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સૅલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા હોવાનું હવામાન ખાતાના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

ઉલ્લેખનીય છે કે, ગત 24 કલાકમાં 13 ડિગ્રી સૅલ્સિયસ તાપમાન સાથે અમરેલી, દીવ અને જુનાગઢનું કેશોદ સૌથી ઠંડા શહેર રહ્યા. જ્યારે મહુવા અને વડોદરામાં 14, નલિયા, પોરબંદર, રાજકોટ અને ડીસામાં 15 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે.

----------

# EDUCATION BOARD

ધોરણ 10 અને 12 બોર્ડની આગામી ફેબ્રુઆરી-માર્ચની જાહેર પરીક્ષાના આવેદનપત્ર લેઈટ ફી સાથે ઑનલાઈન ભરવાની છેલ્લી તારીખ લંબાવવામાં આવી છે. સત્તાવાર યાદી મુજબ, ધોરણ 10 અને 12 સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમાના આવેદનપત્ર 24 ડિસેમ્બર સુધી કરી શકાશે. જોકે, ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ માટેના આવેદનપત્ર ભરવાનો રાબેતામુજબ આજે છેલ્લો દિવસ છે.

આવેદનપત્રમાં કોઈ સુધારા બાકી હોય કે આચાર્ય દ્વારા મંજૂરી બાકી હોય તે કામગીરી 26 ડિસેમ્બરે રાત્રે 12 વાગ્યા સુધી કરી શકાશે. જ્યારે શાળાઓ બાકી રહેતી ચૂકવવાની થતી ફી 30 ડિસેમ્બર સુધી ભરી શકશે.

----------